





ખોદાઇ જાય પાયા, તકતી મૂકાઇ જાય છે,
પ્રસંગ પતે ઉત્સાહ સૂકાઇ જાય છે
ચૂકાઇ જાય છે ફરજ નેતાશ્રીથી પણ -
ને પછી માથું શરમથી ઝૂકાઇ જાય છે..
(પ્રથમ વર્ષનાં ખાતમુહુર્તો)




લ્યો! આ ગુમાને -
કોણે ખાવા દીધું'તું?!
અક્રાંતિયા થૈ?!
(ને ખાવા પણ દઉં છું...)

અંજલિમાં યે
રમે રાજકારણ -
ભીરૂ નેતાઓ..
(રાજીવ-અંજલિમાં
(પદાધિકારીઓ ગે.હા.)

## ચિંતન

**દારિદ્રયાનલ સંતાપઃ શાંતઃ સંતોષવારિણા । યાચકાશાવિઘાન્તર્દાહઃ કેનોપશામ્યતે ॥**

'ગરીબાઇ રૂપ અગ્નિનો સંતાપ રૂપી જળથી શાંત થઇ જાય છે. અર્થાત દારિદ્રયનો દાવા તો સંતોષરુપી જળથી શાંત થઇ શકે છે. પણ યાચક-માગનારની આશાભંગ થાય એટલે કે આપનાર જયારે અપમાનજનક રીતે ના પાડે (હાથના ઇશારે આગળ જા - આગળ જા એમ કહે) ત્યારે એના હૃદયમાં જે દાહ-નિશ્વાસ-પ્રગટતો હશે. એ દાહ શેનાથી શાંત થાય? અર્થાત એ બળતરા-નિસાસો કોઇ પણ વસ્તુ દ્વારા શાંત થઇ શકતો નથી.'

સ્વમાની પણ શક્ય હોય ત્યાં સુધી સહન કરી ચલાવી લેવામાં જ માને છે. પણ ન છૂટકે જ જો માગવા જવું પડે ત્યારે આપનાર અપમાનજનક રીતે ના પાડે કે ઉલ્ટું બે-ત્રણ સલાહ આપી વિશેષ અપમાન કરે ત્યારે જે હૃદયમાં સંતાપ ઉત્પન્ન થાય છે. એ દાહ-બળતરાને શાંત કરે એવું કોઇ જળ નથી. એ દાહ-અપમાન કદી ભૂલી શકાતું નથી.

દારિદ્રયનું દુખ સંતોષ રુપી જળથી દારિદ્રના દુખનો દાહ શાંત થઇ શકે છે.

## સુવિચાર

- જે જીવે જીંદગી આખી ઉતપાતમાં જ ગાળી હોય એને ઘડપણમાં શાંતિનો અનુભવ કયાંથી થાય? મૃત્યુ સુધારવું હોય તો જીવન સુધારવું પડે છે, કારણ કે મૃત્યુ એ જીવનનો જ ભાગ છે **- ફાધર વાલેસ**
- વાવાઝોડા પાછળ વરસાદ આવે છે, આપત્તિ પાછળ સંપત્તિ આવે છે **- એસ. ભટ્ટાચાર્ય**
- જીંદગીના પાત્રો અને પ્રસંગો આપણા બધાને સરખા મળ્યા છે. દરેકની માવજત જુદી જુદી હશે. તમે ઝેર પણ હસીને પી શકો છો અને પંચામૃત ઢોળી પણ શકો છો, બધું તમારા હાથમાં છે **- ડો. ચંદ્રકાન્ત મહેતા**
- જીવન જીવવાની એક નિશ્ચિત રુપરેખા તૈયાર કરો, હેતુને વળગી રહો, જયાં પહોંચવુ છે તે જ માર્ગ પર નજર ટેકવેલી રાખો, પછી તમારે જે નથી કરવાનું એ તમારી સામે નહીં આવે **- માનસસૂત્ર**
- મેઘનું પાણી જેમ વાદળોમાં બંધનમાં માનતું નથી, તેમ સંત પણ દુનિયાના અભિપ્રાયો, ગણતરીઓને ગાંઠતા નથી, સર્વ જીવોનાં દુઃખ ઓછા થાય, સંતાપ તુટે એ જ સંતનું લક્ષ્ય હોય છે **- ઉપનિષદ**
- જે સલામતીની શોધમાં જીંદગી વીતાવી દે એ પરમાત્માની શોધ કરી શકતો નથી, પરમાત્માનું ઘર અસલામતીમાં છે, નરસિંહ, મીરા, કબીર, ગાંધીજી એ જાન માનની પરવા કર્યા વગર ભક્તિ અને ભગવાનનું શરણ લીધું હતું **- ઓશો**
- પ્રભુ તત્ત્વમાં અશ્રદ્ધા જાગે ત્યારે તપાસ કરી લેવી કે તમારાં સ્વાર્થબુદ્ધિ, મોહ, મમતા, છળકપટ તો કામ નથી કરતાં ને? **- જૈન સૂત્ર**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

માણસ ગીર્દીમાં - કયાંક અલગ પડી જાય ત્યારે જિંદગીભર વિખૂટા પડી જતાં કુંભમેળાના આવા બનાવો ઉપરથી ઘણી ફિલ્મો બની. આજે 'મોબાઇલ' ફોનથી તરત તમે કયાં છો એનું લોકેશન શોધી શકાય છે. જરૂરિયાત શોધની જનેતા છે.

ડો. રિચર્ડ ફોસ્ટર કેનેડાના ખૂબ જ ધનિક વૈજ્ઞાનિક એકવાર ભારત આવ્યા. અર્ધી રાત્રે મુંબઇમાં ગાડી લઇ ફરવા નીકળ્યા. એક માણસ રસ્તા વચ્ચે જ ઊભો હતો. માંડ બ્રેક મારી. રિચર્ડ નીચે ઉતર્યા અને ગુસ્સામાં કહ્યું, કેમ ભાઇ, આત્મહત્યાનો ઇરાદો છે? પેલી વ્યક્તિએ કહ્યું, હું અંધ છું મારી લાકડી હાથમાં છટકી ગઇ અને પગની ઠોકર લાગતાં ખાટલામાં જ કયાંક છે તે શોધવા હું દિશા પણ ભૂલી ગયો કે હું કયાં છું?

ડોકટરે ક્ષમા માગી - લાકડી શોધી આપી અને એને ઘેર પણ મૂકી આવ્યા.

કેનેડા જઇ રાત્રે રસ્તાનું કામકાજ કરતા, ટ્રાફિક પોલીસ કે વાહનચાલક માટે અંધારામાં પણ દેખાય એવી રેડિયમ પટ્ટી 'ફ્લોરોસંટ જેકેટ' ની શોધ કરી અને રાત્રે રસ્તા વચ્ચે કામ કરનારા માટે એક આશીર્વાદ રુપ શોધ થઇ ગઇ.

Email - sureshchandrabhatt18@gmail.com

# ચીલો ચાતરનારા બાહોશ પ્રશાસકોનું સન્માન જરૂરી

તાજેતરમાં કોબા ખાતે આવેલ સચ્ચિદાનંદ સાધનાશ્રમમાં કોબેશ્વર મહાદેવ મંદિરની ત્રીજો પાટોત્સવ ઊજવાયો, એની સાથે જ હમણાં જ સેવાનિવૃત્ત થયેલા સનદી અધિકારી ચંદુભાઇ પટેલનો સન્માન સમારોહ પણ યોજાયો. ક્રાન્તિકારી વિચારધારાને લીધે સનાતન સાધુ સમાજમાં મૂઠી ઊંચેરી પ્રતિભા તરીકે ઓળખાતા સ્વામી સચ્ચિદાનંદજી એમનાં તેજાબી પ્રવચનોને કારણે સમાજસુધારક સંત તરીકે પોંખાતા રહ્યા છે. દેવાલયો કરતાં શૌચાલયો વધુ જરુરી છે. હોવાની સંકલ્પનાથી લઇ નર્મદા ચળવળ અને સરદાર સરોવર ખાતે સરદાર પટેલની ભવ્ય પ્રતિમાના આદિ સ્રોત સમા આ સંત પડતી બૂમે પ્રજાની મદદે પહોંચતા રહ્યા છે. સંન્યાસી ધર્મ બજાવતાં એમને અનેક અડચણો પણ વેઠવી પડી છે. પરંતુ પોતે હિંદુ સમાજની એકતા અને રાષ્ટ્રની પ્રગતિકૂચ માટે પ્રતિબદ્ધ રહ્યા છે. એમના કોબા ખાતેના આશ્રમની જમીનના સંપાદનથી માંડી આજપર્યંત સૂકીલીલીમાં ખડે પગે સાથ આપનાર બાહોશ અધિકારી સી.પી.પટેલ મામલતદારથી શરુ કરેલી સરકારી સેવામાં છેલ્લે નવા બનેલા ગીર-સોમનાથ જિલ્લાના કલેકટર તરીકે નિવૃત્ત થયાં ત્યાં સુધી ઇમાનદાર લોકાભિમુખ પ્રશાસક તરીકે વર્ત્યા અને અનિષ્ઠ તત્ત્વો સામે હિંમતપૂર્વક કડક પગલાં લઇ સનદી અધિકારીઓમાં એક અનુકરણીય ઉદાહરણ બની રહ્યાં, એના મૂળમાં સ્વામી સચ્ચિદાનંદજીની પ્રેરણા અને આશીર્વાદ છે. સ્વામીજીએ આવા બાહોશ સનદી અધિકારીનું પોતાના જ આશ્રમમાં સન્માન યોજીને એક દાખલો બેસાડ્યો છે. યોગ્ય વ્યક્તિનું સન્માન કરવું એ સમાજની પવિત્ર ફરજ છે. એથી એ ક્ષેત્રના અન્ય લોકોને પણ પ્રેરણા મળે છે. સ્વામીજીએ નાદુરસ્ત તબિયત છતાં સી.પી. પટેલના સન્માન સમારંભમાં ઉમળકાભેર હાજરી આપી એટલું જ નહીં, એમને ખુલ્લા દિલથી બિરદાવ્યા. આશ્રમ ખાતે કોઇ સરકારી અધિકારીનું આવું સન્માન એ સમાજ માટે પણ દૃષ્ટાંતરુપ ઘટના છે. સ્વામી સચ્ચિદાનંદજીના ક્રાંતિકારી વિચારોને ગુજરાત અને ગુજરાત બહાર ઘણો આવકાર સાંપડ્તો રહ્યો છે. તેઓ એક સમાજસુધારક અને ક્રાન્તદૃષ્ટા વિચારક તરીકે સમાજને યોગ્ય સમયે સાચી દિશા બતાવતા રહ્યાં છે. એથી એમને કયારેક કડવા ઘૂંટડા પણ ગળવા પડ્યા છે, પરંતુ સ્વામીજીએ સંન્યાસીના સ્વ-ધર્મ લેખે જે સાચું લાગ્યું તે જ કહ્યું છે અને આચરણમાં મૂકી બતાવ્યું છે. સી.પી. પટેલ જેવા નખશિખ પ્રામાણિક લોકાભિમુખ વહીવટના પુરસ્કર્તા અધિકારીનું જાહેર સન્માન યોજીને એમણે સમાજ સમક્ષ દાખલો બેસાડ્યો છે.

**- ડો. કેશુભાઇ દેસાઇ**

# ફુડ અને ડ્રગ્સ ડિપાર્ટમેન્ટ દ્વારા મેગી ઉપર પ્રતિબંધનો આદેશ

## સીઆરપીસીની કમલ ૧૩૩ મુજબ જીલ્લા મેજીસ્ટ્રેટે આવા ઉત્પાદન ઉપર પ્રતિબંધ લાદવો જોઈએ

ફુડ અને ડ્રગ્સ વિભાગે તાજેતરમાં મેગી બનાવતી કંપની નેસ્લે ઈન્ડીયાના સેમ્પલો લઈ ચકાસણી માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા જેમાં ગ્લુટામેટ અને સીસાનું પ્રમાણ સાતગણું વધારે મળી આવેલ છે. જે જીવલેણ સાબીત થઈ શકે છે અને મેગી બિનઆરોગ્યપ્રદ ખોરાકની વ્યાખ્યામાં આવતી હોય તેના ઉપર પ્રતિબંધ મુકવાની ભલામણ ફુડ એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટે સરકારને કરેલ છે. જેનાથી મોટા પ્રમાણમાં રોગ થાય છે. બાળકો અને મોટામાં માનીતું ફાસ્ટ ફુડ એટલે મેગી જો મલ્ટીનેશનલ કંપની દ્વારા ઉત્પાદન કરવામાં આવતું હોય તેમાં આટલી મોટી ભેળસેળ તેમજ ઘાતકી પદાર્થો ટેસ્ટ માટે બિનઆરોગ્યપ્રદ તત્વો ઉમેરાતા હોય તો જંગફુડ કે લારીના ફુડની ગુણવત્તા ઉપર કેટલો ભરોસો રાખી શકાય તે પ્રશ્ન ઉભો થાય છે.

**વાત કાનૂન કાયદાની...**
**- અશ્વિન વી. ત્રિવેદી**
**એડવોકેટ**
atopcl@gmail.com



દેશના બાળકો અને પ્રજાનો મોટા પ્રમાણમાં આવો ફાસ્ટ ફુડ ખોરાક ખાતા હોય તો તેમનો વિકાસ અને આરોગ્ય ઉપર માઠી અસર થઈ તેની આડઅસરણી મોટાપો તેમજ કિડની, લીવર અને પાચન તંત્રના રોગો થઈ શકે છે તેવો લેબોરેટરી તપાસમાં પ્રાથમિક અહેવાલમાં જણાવેલ છે.

મેગીની બનાવટમાં સ્વાદ માટે ઉપયોગી એમએસજીની માત્રા ૦.૦૧ ટકા હોવી જોઈએ તેના કરતા સાત ગણી વધારે માત્રા સેમ્પલમાં જણાઈ આવેલ છે જે પ્રમાણ ૧૭ પીપીએમ નિક્ળેલ જેનાથી માથાનો દુઃખાવો, શરિરમાંથી પરસેવો છુટવો, હલનચલન પર અસર થવી, ચહેરા ઉપર જલન થવી જેવા રોગો થઈ શકે છે ફુડ એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટે સમગ્ર દેશમાંથી મેગીનો જથ્થો કંપની દ્વારા પરત ખેંચવાનો આદેશ આપ્યો છે પરંતુ આ પહેલા મોટા પ્રમાણમાં જથ્થો લારી ગલ્લા, દુકાનોમાં વેચવા મોકલેલ છે તેને કેવી રીતે પરત મેળવો તે પ્રશ્ન છે. નાગરિકોએ પોતાનું આરોગ્ય્ પોતે જ સાચવવા સ્વેચ્છાએ આવા ફાસ્ટ ફુડ ખાવાના બંધ કરવા જોઈએ.

કંપનીએ આવા બિન આોગ્યપ્રદ ખાદ્ય પદાર્થ વેચવો તે કાયદેસરનો ગુન્હો બને છે તેના માટે ઉત્પાદક અને વેચનાર બન્નેને સજા તથા દંડ બન્ને થઈ શકે છે.

ડેપ્યુટી ઈન્સ્પેકટર જનરલ ઓફ ડ્રગ્સે નેસ્લે કંપનીને તમામ ઉત્પાદિત માલ પરત ખેંચવા નોટીસ આપેલ છે.

કાયદા મુજબ કોઈ વેપાર કે ધંધો ચલાવવો અથવા કોઈ માલ કે વેપારીમાલ રાખવો સમાજની તંદુરસ્તી માટે હાનિકારક કે શારિરીક સુખાકારી માટે નુકશાનકારક હોય તો સીઆરપીસીની કમલ ૧૩૩ મુજબ જીલ્લા મેજીસ્ટ્રેટે આવા ઉત્પાદન ઉપર પ્રતિબંધ લાદવો જોઈએ અથવા તેવા ઉત્પાદિત માલ દૂર કરવો જોઈએ અને તેને રાખવાનું નિયમન કરવું જોઈએ આ અધિનિયમ પ્રત્યે ઉત્પાદક વેપારી કોઈ દિવાની રાહે વાંધો ઉઠાવી શકતા નથી દરેક જીલ્લાના જીલ્લા મેજીસ્ટ્રેટ પણ પોતાના શહેરમાં વેચાતા આવા બિન આરોગ્યપ્રદ ખોરાક કે ઉત્પાદને વેચાણ માટે પ્રતિબંધ ફરામી શકે છે હવે જોવાનું એ છે કે મલ્ટીનેશનલ કંપની નેસ્લે ઈન્ડીયા પોતાના સલાહકારો દ્વારા કાયદાકિય છટકબારી શોધી પોતાનો બિન આરોગ્યપ્રદ ખોરાક ભારતા બજારોમાં ઠાલવી આમ જનતાના આરોગ્ય સાથે કયાં સુધી ચેડા કરી નફો રળી શકે છે. મેગીની જાહેરાતોમાં માધુરી દિક્ષીતથી લઈ અભિતાભ બચ્ચન સુધીના ઓએ જાહેરાત કરેલ છે તેઓએ સામાજીક નૈતિકતા સ્વીકારી સદર જાહેરાતમાંથી રાષ્ટ્રીય હિત ખાતર, જાહેર આરોગ્ય માટે પણ પોતાની જાતને પરત ખેંચવી જોઈએ જેથી તેમને અનુસરતા ટીન એજના બાળકો તથા ફ્લોઅસ આવા બિન આરોગ્યપ્રદ ખોરાક ખરીવાનું માંડીવાળે.

આતો માત્ર એક મેગીના સેમ્પલથી દેશભરમાં હોહા થઈ છે આવા સેંકડો બિન આરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થો બજારમાં ઉપલબ્ધ છે જે જાણે અજાએ આપવા પેટમાં જાય છે અને કાયદાની છટકબારીથી આવી કંપનીઓ કરોડો રૂપિયાનો નફો કરે છે.

# મા-બાપ અને સમાજની અતિ અપેક્ષા સામે કયારેક વિદ્યાર્થી આપઘાત તરફ પ્રેરાય છે

**પરિણામ પૂર્વે...**
**ડો. વર્ષા ભૂપેન્દ્ર પારેખ**

શિક્ષક છું... વિદ્યાર્થીઓને ખિલખિલાટ હસતાં જોઉં છું. ત્યારે અનહદ આનંદની અનુભૂતિ થાય છે. પણ, મે... જૂન મહિનો આવે... બોર્ડના પરિણામોની કાગડોળે રાહ જોઇ બેઠેલા આખા આલમમાં વિદ્યાર્થી મને નિરાશ જણાય ત્યારે વિદ્યાર્થીની એ પીડા મારી પીડા બની જાય છે... કદાચ સાચું જ છે કે, આપણા સૌની પીડા બની જાય છે.

દેખીતી રીતે જ સાથે મેચ ન થઇ શકે તેમ હોય ત્યારે પણ તેની સાથે મેળ બેસાડવાની ઝંખના એ પ્રયોગાત્મક મુખ્ય આકર્ષણ બની જાય છે. બદા જ લક્ષ્યોને, બધા જ સમયે, પ્રત્યેક સાધન દ્વારા પાર પાડવાની ઇચ્છા આપણી ઝંખનાનો એક ભાગ છે. અલૌકિક શક્તિઓમાં આપણી શ્રદ્ધાનો પાયો સ્વ. મશરૂવાળાના 'ઉંધઇનું જીવન'માંથી સાંપડે છે. દરેક જીવે વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. એ સિદ્ધિઓ બે પ્રકારની છે. અંગભૂત એટલે પોતાના શરીરના અંગરુપે જ વધેલી અને બાહ્ય એટલે બુદ્ધિથી બહાર નિર્માણ કરેલી... વિદ્યારથીમાં પણ આવી... તેણે ક્રમશઃ ઉપયોગ કરવાનો છે અને આપણે સૌએ તેમાં આત્મવિશ્વાસ ભરવાનો છે. મનુષ્ય સિવાય ઇતર સર્વ જીવોએ જે કાંઇ વિશેષ સિદ્ધિઓ મેળવી છે. તે તેના શરીરમાંથી જ પ્રગટાવેલી છે આગિળાઓ પૂંછડીએ દીવો લટકાવ્યો છે. કરોળિયા એ પોતાનું ઘર બનાવવા પોતાના શરીરમાંથી જ તાંતણા ઉપજાવ્યા છે. શાહમૃગે સાઠ માઇલની ઝડપ પોતાના જ પગમાં નિર્માણ કરેલ છે...



પૂર્ણ પ્રેમના પ્રકાશમાં જેનું સર્જન થયું છે અને જીવનમાં જેનું પૂર્ણપણે સ્વાગત થયું છે. જેને આપણે પોતાની જાત કરતાંય ઇશ્વરનો અવતાર છે. આવા બાળકને નિરાશામાં બળ આપવું એન તેના જીવનને ફરીથી ચેતનવંતુ બનાવવા અથાગ પ્રયત્ન કરવો.

આજનું આપણું આર્થિક, સામાજિક અને વૈજ્ઞાનિક માળખું ગૂંચવાતું જાય છે. આજની શાળાઓમાં એમને પણ તેમના હૃદયની સંવેદનાઓ, વેદનાઓ સમજવાનો સમય નથી. મા-બાપ પણ બાળક માટે કમાણી કરવા અને તેને ફેસિલિટી આપવા દોડા-દોડા કરતા જણાય છે. આ બધી પરિસ્થિતિમાં આ અવસ્થાનો વિદ્યાર્થી પ્રેમ-હૂંફ-સહારો ઇચ્છે છે. ખાસ કરીને છેલ્લા દસ-પંદર-પચ્ચીસ વર્ષમાં બોર્ડની પરીક્ષા (જયારે આપણું બાળક એ વર્ષની બોર્ડની પરીક્ષામાં ન બેઠું હોય ત્યારે) એક ઉત્સવ બની ગયો છે. વિદ્યાર્થીનું મૂલ્યાંકન ફક્ત તેની ટકાવારીથી જ થઇ રહ્યું છે. પણ... આ ઉત્સવ એટલે સમગ્ર સમાજના વિદ્યાર્થીઓની વેદના... બાળકને પોતાના રસ-રૂચિ-ક્ષમતાને સ્થાન નથી. મા-બાપની પોતાની અધુરી અપેક્ષાઓનો તાજ બાળકના શિરે પહેરાવવાની વાલીની મથામણ કેટલી યોગ્ય ગણી શકાય?

એક તરફ પ્રેમ, હૂંફ, લાગણીથી વંચિત બાળકમાં આત્મવિશ્વાસનો અભાવ છે. આખું વર્ષ તેના ટાઇમ ટેબલને અનુસરીને પણ તે ખોખલો છે. મા-બાપ અને સમાજની અતિ અપેક્ષા સામે કયારેક વિદ્યાર્થી આપઘાત તરફ પ્રેરાય છે. ધોરણ-૧૦ અને ૧૨નું પરિણામ સંઘર્ષમય છે. અને હવે સીસીટીવી કેમેરા સાથે ટકાવારી જાળવવી લોઢાના ચણા ચાવવા જેવી બાબત છે. સમાજે આપણી પરીક્ષાપદ્ધતિ ને આવકારવી જ રહી. કારણ કે અન્ય રાજયોમાં પણ આપણી પરીક્ષા પદ્ધતિની નોંધ લેવાય છે. વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષા સમયે અને પરિણામ સમયે (Board Exam Means what ?) આ સમય ફક્ત વધુ મહેનતનો છે. માનસિક તાણનો નહિ... આવી ભાવના સાથે આપણે જીવનના સાચા સંઘર્ષમય સમયને સ્વીકારવો રહ્યો. હવે કર્મનું ફળ... જેટલા અંશે જેટલું મીઠું હોય તે પ્રમાણે સ્વીકારી જ લેવું.

હવે... તમારા બાળકની અન્ય સાથે સરખામણી ન કરો. જમાનો Compitition નો છે પણ Comperition શા માટે? દરેક બાળકનું વિશિષ્ટ મહત્ત્વ છે. આ પરીક્ષામાં બે ગુણ કે બે ટકા ઓછા આવ્યા તો તેનું જીવન તો નથી પૂરું થઇ જતું ને!!! બાળકને પીડા નહિ વધુ પ્રેમ આપો... બોર્ડનું પરિણઆમ શૈક્ષણિક દિશા ચીંધે છે... જીવનની દિશા નહિ. બાળકનું પણ સ્વપ્ન હતું અને છે!!! એ હારી-થાકીને બેસી ન જાય એટલું જ આપણે જોવાનું છે. દરેક બાળકની અલગ પ્રતિભા છે. મા-બાપ તરીકે આપણે તેને પ્રકાશમાં લાવવાની છે. પણ, આપણને સમાજની પડી છે. મુનિ તરુણસાગરજી કહે છે તેમ...

"સબસે બડા શોર ।
કયા કહેંગે લોગ ॥"

પહેલાં પોતાનું બાળક છે પછી પરિણામ. બાળકના અન્ય પરાક્રમની પણ કદર થવી જ જોઇએ. તે રાજા નહિ બને તો ચાલશે... એને રામ બનવા દો... ભણતરના ભ્રમમાં અને કોમ્પ્યુટરના યુગમાં માણસ ખોવાઇ ગયો છે. પણ, આપણે આ બાળકમાં માણસાઇના દીવા પ્રગટાવવાના છે. તેનામાં આત્મવિશ્વાસ રુપી ઘી પૂરી તેને દૈદિત્યમાન બનાવવાનો છે. દરેક બાળક ઇશ્વરનું અને રાષ્ટ્રનું સંતાન છે. ફક્ત તેને બોર્ડની બોર્ડના પરિણામ પર ન મૂલવો. કયારેય પણ અન્યને મળ્યે ત્યારે તેના ખબર-અંતર પૂછો... ફક્ત પરિણામ નહીં...

વિદ્યાર્થીઓ નિષ્ફળતાની ખાલી પરવા ન કરો. અથાગ મહેનત શરુ કરી દો. નિષ્ફળતા સ્વાભાવિક છે. જીવનનું સૌંદર્ય છે. જીવનમાં મથામણ ન હોય તો આ જીવનની કિંમત ન હોત. સર્વશક્તિને પ્રગટાવી. ઇશ્વરમાં શ્રદ્ધા રાખી દિવ્યતાને પ્રગટાવો... એકલો પ્રશ્ચાતાપ નહિ... કૃતકર્મ માટે અફસોસ નહિ... આગળ ધપો!! આજે થઇ ગયેલ ભૂલનો ઉપકાર માનો.... જીવનના ટર્નિંગ પોઇન્ટ માટે ઇશ્વરનો અણધાર્યો આશીર્વાદ જ માનો ને !!!

વાલીઓને નમ્ર વિનંતી કે નિરર્થક ઉપદેશોથી આ સમયે બાળકોને ભરમાવશો નહિ... સ્વર્ગના સંગીત સમા એના સ્મિતને અકાળે મૂંઝાવા દેશો નહિ... આ બાળક આપણે દ્વાર આવેલું છે... આપણી માલિકીનું નથી. બાળકના ગાલે ચોડેલો તમાચો એટમ બોમ્બ કરતાં પણ ભયાનક જીવલેણ અને પ્રાણરૂંધક છે. બાળકની અન્ય બાળક સાથે કે તેની ટકાવારીની તુલના ન કરતાં કારણ કે દરેક બાળક એકમેક - અદ્વિતીય અને અનન્ય છે. એ જ ક્ષેત્રમાં અનુપ છે તેનું પ્રભાવક્ષેત્ર શોધી એ દિશામાં પ્રોત્સાહિત કરવાથી જરુર ચમત્કારિક પરિણામ આવશે જ... એના જીવનનું સ્વમાન જાળવવું એ આપણા સૌની નૈતિક ફરજ છે...

ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા. ૨૦-૫-૨૦૧૫ના રોજ બોયસેગના માધ્યમથી માનનીય શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રાજયકક્ષાના મંત્રી નાનુભાઇ વાનાણી, બોર્ડના પદાધિકારીઓ અને તજજ્ઞો ડો. વિદ્યુત જોશી, બદ્રાયુભાઇ, જય વસાવડાની ઉપસ્થિતિમાં આ અનુસંધાને કારકિર્દી માર્ગદર્શનનો એક નવતર પ્રયોગ પણ આરંભાયો. વિદ્યાર્થી તથા વાલીઓ માટે કાઉન્સેલિંગ હેલ્પલાઇન પણ શરુ કરવામાં આવી. જેનો નંબર ૧૮૦૦-૨૩૩-૫૫૦૦ છે. સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે. ૬.૦૦ નો છે. જેનો આપ લાભ પણ લઇ શકો છો... અંતમાં એટલું જ કહીશ કે...

વિદ્યાર્થી પાંચમો વેદ છે,
મહાગ્રંથ છે
એને નવલિકાની જેમ
વાંચી ન જવાય...!!!
સૌને પરિણામની શુભકામના...!!!

# સમસ્યાથી દૂર ભાગશો કે સમસ્યાને ભગાડશો?

**રોહિતોપદેશ**
**- રોહિત શાહ**

દરેક વ્યક્તિની સમસ્યા અલગ હોય છે એમ એ સમસ્યાનો ઉકેલ લાવવાની રીત પણ દરેક વ્યક્તિની અલગ હોય છે. સંસારમાં એવી કોઇ માસ્ટર કી નથી જેના દ્વારા દરેક વ્યક્તિની સમસ્યાનું કોમન સોલ્યુશન લાવી દઇ શકાય. બે વ્યક્તિ વચ્ચેના અણબનાવની વાત હોય, વિશ્વાસની વાત હોય, પરસ્પરને અનુકૂળ થવાની વાત હોય, સંબંધોમાં પેદા થયેલા તણાવની વાત હોય તે કોઇ મતભેદની વાત હોય; આવી અનેક સમસ્યાઓ આપણી લાઇફમાં આવ્યા કરતી હોય છે. માનવી કોઇ એવી સમસ્યા પર ઢાંકપિછોડો કરીને જાણે કોઇ સમસ્યા જ નથી એમ માનીને જીવે છે. શાહમૃગની પાછલ કોઇ શિકારી પ્રાણી પીછો કરતું હોય ત્યારે શાહમૃગ થોડુંક દોડીને ધૂળમાં પોતાનું માથું સંતાડી દઇને એમ માને છે કે હવે હું જેવી રીતે શિકારીને નથી જોઇ શકતું એમ શિકારી પણ નહિ જ જોઇ શકતો હોય, એટલે હવે હું સુરક્ષિત છું. સમસ્યાની સામે ઢાંકપિછોડો કરવાની શાહમૃગી વૃત્તિ આખરે વ્યક્તિનો સર્વનાશ કરે છે.

કેટલાક લોકો સમસ્યાઓ સામે થોડોક વખત ઘુરકિયાં કરે છે, સમસ્યાઓને પડકારતાં હોવાના ત્રાગાં કરે છે અને છેવટે શરણાગતિ સ્વીકારી લે છે. કેટલાક લોકો તો સમસ્યાને જોતાં જ એને વહાલ કરવા મંડી પડશે, એને કાલાવાલા કરવા માંડશે, પોતે જાણે એને સરેન્ડર થવા ઉત્સુક હોય એવું બતાવશે. આમ કરીને એ લોકો પોતાનો ડર છુપાવે છે. પોતે ડરપોક નથી પણ ડાહ્યા છે એવું પુરવાર કરવા માટે સમસ્યાને વહાલ કરવું આવશ્યક બની રહે છે. કેટલાક લોકો કાયર હોય છે. એવા સામર્થ્યહીન માણસો કાં તો સંસારનો ત્યાગ કરે છે, કાં તો જગતને છોડીને ચાલ્યા જાય છે. એમાંના કેટલાક ભાગેડુઓ તો મહાત્મા, પુણ્યાત્મા કે ધર્મગુરુ બની જાય છે. તેમના ઉપદેશમાં જીવનને આનંદમય બનાવવાની કોઇ વાત નથી હોતી. તેમનો ઉપદેશ સૌને સંસારની સમસ્યાઓથી જાણે ડરાવવાનો જ હોય છે. ભાગો.... ભાગો... બસ ભાગો! સાત્ત્વિક ગુરુ કદીયે ત્યાગવાનું અને ભાગવાનું નથી કહેતો, તે તો માત્ર જાગવાનું જ કહે છે.

ઘણા લોકો પોતાની સમસ્યાનું ટેમ્પરરી સોલ્યુશન લાવીને પોતાનું કામ આગળ ચલાવતા હોય છે. અત્યારે આમ કરીને આગળ વધો, હમણાં આમ કરવાથી ચાલી જશે - આ વૃત્તિ પણ યોગ્ય નથી. સમસ્યા તણખા જેવી હોય છે. એને તરત ઠારી દેવામાં ન આવે તો ધીરે ધીરે પ્રજવળ્યા કરે છે અને આખરે એમાંથી મોટો ભડકો પેદા થઇ જતાં બધું ભસ્મીભૂત થઇ જાય છે.

સમસ્યાને યથાવત્ રાખીને આગળ ધકેલ્યા કરવાથી જોખમ ટળી નથી જતું, ઊલટાનું એ ગમે ત્યારે વિકરાળ સ્વરૂપે આપણા પર ત્રાટકે છે. શાણપણ એ જ છે કે જે - તે સમસ્યાનો પર્મનેન્ટ ઉપાય કરવો. એ માટે આજે ભલે થોડું કષ્ટ અને થોડી કઠિનાઇ વેઠવાં પડે, પરંતુ એમ કરવાથી ભવિષ્ય સુરક્ષિત થઇ જશે. ટેમ્પરરી સોલ્યુશન વર્તમાનને કદાચ થોડીક રાહત આપી શકે, પણ ચક્રવૃત્તિ વ્યાજ સહિત એ બધી વસૂલાત કરે છે.

વ્યાધિ અને વેરી આ બંનેને આરંભથી જ ખતમ કરી દેવાં જોઇએ. રોગ અને શત્રુ જેમ-જેમ જૂના થશે તેમ તેમ વધુ બળવાન થશે એટલે એમનો ત્વરિત ઉપાય કરવો જોઇએ. સમસ્યાઓ આપણી શત્રુ જ છે ને! એમનો નાશ કરવો અનિવાર્ય છે. એટલું જ નહિ, આજે આપણી સામે ભલે એક જ સમસ્યા હોય, આવતી કાલે બીજી પણ નાની-મોટી ઘણી સમસ્યાઓ આવી શકે છે. કયાં સુધી સમસ્યાઓને ટાળતા-ધકેલતા રહીશું? એક સામટી અનેક સમસ્યાઓ સામે લડવાનું (અને એમાં જીતવાનું) અશક્ય નહિ તોય અઘરું તો થઇ જ શકે! એના કરતાં રોજેરોજની સમસ્યાઓ અને ઉપદ્રવોને ખતમ કરતા જઇએ તો આપણું સામર્થ્ય વધે છે અને સમસ્યાઓ કરજોર બનતી જાય છે.

એક વિચારકે બહુ જ માર્મિક વાત કરી છે કે સાચો ગુરુ તો મારો દરજી છે, કારણ કે હું જયારે જયારે તેની પાસે કપડાં સિવડાવવા જાઉં છું ત્યારે ત્યારે દરેક વખતે તે મારું નવેસર માપ લે છે! વાસી વિચારો અને સડેલાં સમાધાનોની હાટડીઓ લઇને બેઠેલા ગુરુઓ પાસે તેમની પોતાની સમસ્યાના ઉકેલ પણ નથી હોતા. તેમની પાછલ ફિલ્ડીંગ ભરવાનો કોઇ અર્થ નથી. ગુરુ તેને બનાવીએ જે ઝઝૂમવાનું જાણતા હોય, તે સમર્થ હોય.

આજની સમસ્યાનો ઉકેલ કરવાનું શ્રેષ્ઠ મુરત આજે છે એમ સમજીને જે માણસ જીવે છે તેની લાઇફમાં ઘેટ ઇઝ નો પ્રોબ્લેમ.